તા.૨૨.૧૧.૨૦૧૦ના રોજની માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અધ્યક્ષપણા હેઠળ વિકલાંગ ધારો–૧૯૯૫ હેઠળ રાજ્ય કક્ષાની સંકલન સમિતિની મળેલ બેઠકની કાર્યવાહી નોંધ :–

---

૧. વિકલાંગ વ્યક્તિઓ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) ધારો–૧૯૯૫, કલમ:૧૩ની જોગવાઈ અનુસાર રાજ્ય સરકારે રચેલી સંકલન સમિતિની એક બેઠક શ્રી ફકીરભાઈ વાઘેલા, માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અધ્યક્ષપણા હેઠળ તા.૨૨.૧૧.૨૦૧૦, સોમવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે, સમિતિ ખંડ:૧, બ્લોક નં.૧, ૪થો માળ, સચિવાલય, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ. આ બેઠકમાં આ સાથેની યાદી મુજબના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ.

૨. માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા તથા અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી બેઠકમાં હાજર રહેલ સભ્યોને આવકારવામાં આવેલ તેમજ વિકલાંગ ધારા નીચેની જોગવાઈઓનું ટૂંકમાં વિવરણ કરી હાજર રહેલ સર્વેને માહિતગાર કરવામાં આવેલ હતાં. આ ઉપરાંત નિયામકશ્રી (સમાજ સુરક્ષા) તરફથી રાજ્ય સરકારે કરેલ કાર્યવાહીની વિગતો સાથેનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવેલ ઉક્ત બેઠકમાં નીચેની ચર્ચાઓ થયેલ છેઃ–

૨:૧ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૦.૮.૨૦૦૬ના ઠરાવમાં સંબંધિત વિભાગો તરફથી કરવાની થતી કાર્યવાહી અંગે માન.મંત્રીશ્રી તથા અગ્ર સચિવશ્રી તરફથી વિસ્તૃત સમજ આપી સંબંધિત વિભાગો તરફથી તાત્કાલિક કાર્યવાહી થાય તેવી સૂચના આપવામાં આવી.

૨:૨ નિયામકશ્રી (સમાજ સુરક્ષા) તરફથી જે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવેલ તેના પરની ચર્ચાઓમાં મુખ્યત્વે વિકલાંગોને મેડીકલ..

પ્રમાણપત્ર આપવા અંગેની કાર્યવાહી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તરફથી સમયમર્યાદામાં કરવા જણાવવામાં આવ્યું. આ માટે જરૂરી કેમ્પનું આયોજન કરવા અને કેમ્પના આયોજન બાબતે બહોળી પ્રસિધ્ધિ કરવી જરૂરી છે, જેથી સંબંધિતોને લાભ મળે તે મુજબ કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી.

[કાર્યવાહી : નિયામકશ્રી (સમાજ સુરક્ષા), આ. અને પ.ક.વિ.]

૨:૩ રાજ્ય સરકારના તથા જાહેર મકાનોમાં વિકલાંગોને પ્રવેશવાની તથા આવા મકાનોમાં ફરવાની પૂરતી સુવિધા ઉપલબ્ધ થાય તે માટે રેમ્પ, રેલીંગ તથા સુવિધાયુકત ટોયલેટ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો. આ અંગે હાજર રહેલ પ્રતિનિધિ તરફથી જણાવવામાં આવ્યું કે, રાજ્ય સરકારના મોટાભાગના મકાનોમાં રેમ્પ, રેલીંગની સુવિધા પૂરી પાડેલ છે. ઉપરાંત શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પ્રતિનિધિ તરફથી જણાવ્યા મુજબ નવાં બંધાતા મકાનોના નિયમોમાં આવી સુવિધા રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ તબકકે અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી હાજર રહેલ વિભાગના પ્રતિનિધિઓને જણાવવામાં આવ્યું કે, આ બધી સુવિધાઓ માટે ભારત સરકાર તરફથી Scheme for Implementation of Person with Disabilities (SIPDA) યોજના હેઠળ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, તેથી વિભાગ તરફથી સત્વરે દરખાસ્ત તૈયાર કરી આ વિભાગને મોકલી આપવા જણાવ્યું.

માન.મંત્રીશ્રી તરફથી એવું સૂચન કરવામાં આવ્યું કે, જાહેર મકાનોના ભોગવટા પ્રમાણપત્ર આપતાં પહેલાં આવી સુવિધા હોવા અંગે સંબંધિત અધિકારીએ ચકાસણી કરવી જરૂરી છે.

[કાર્યવાહી : મા. અન. મ.વિ., શ.વિ. અને શ.ગૃ.નિ., શિ.વિ., પં.ગ્રા.ગૃ. અને ગ્રા.વિ.વિ., સર્વે વિભાગો.]

૨:૪ શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો આરોગ્ય ચકાસણી કાર્યક્રમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા યોજવામાં આવે છે. આ કાર્યક્રમમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નિયંત્રણ હેઠળની શાળાઓનો સમાવેશ થતો નથી. જેના કારણે આવા વિદ્યાર્થીઓ આરોગ્યની સવલતથી વંચિત રહે છે. આ બાબતે આ. અને પ.વિ.ના પ્રતિનિધિ તરફથી જણાવવામાં આવ્યું કે, જો વિભાગ તરફથી સંસ્થાઓની યાદી મોકલવામાં આવશે તો ચોકકસપણે આ કાર્યક્રમમાં આવી સંસ્થાઓના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવશે.

[કાર્યવાહી : નિયામકશ્રી (સમાજ સુરક્ષા),આ. અને પ.ક.વિ.]

૨:૫ વિકલાંગોને પગભર થવા માટે National Handicapped Finance and Development Corporation (NHFDC) દ્વારા લોન આપવામાં આવે છે. તે અંગે કોર્પોરેશનના પ્રતિનિધિ દ્વારા આંકડાકીય માહિતી બેઠકમાં રજૂ કરતાં રાજ્યની પરિસ્થિતિ ઘણી સારી છે તેમજ વિકલાંગો તરફથી લોનની ભરપાઈ પણ સમયસર થાય છે. આ અંગે બેઠકમાં સર્વસંમતિથી સંતોષ વ્યકત કરવામાં આવ્યો.

૨:૬ ભારત સરકારની યોજના મુજબ વિકલાંગ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની સુવિધા ઉભી કરવા બાબત અને શિક્ષણ વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવેલી યોજનામાં ભારત સરકાર તરફથી ગ્રાન્ટ બંધ કરવામાં આવતા આવી શાળાઓમાં શૈક્ષણિક કાર્ય કરાવતા શિક્ષકોની નોકરીના તથા વિકલાંગ બાળકોના અભ્યાસના પ્રશ્ન બાબતે વિગતવાર ચર્ચા થઈ તે અનુસંધાને શિક્ષણ વિભાગના પ્રતિનિધિ તરફથી સ્પષ્ટતા કરવામાં આવી કે, આ બાબતે ભારત સરકાર સાથે હાથ ધરવામાં આવેલ છે, પરંતુ હકારાત્મક જવાબ મળેલ નથી. આમ

છતાં, ગુજરાત સરકાર દ્વારા આ પ્રશ્નનો હકારાત્મક નિકાલ લાવવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

[કાર્યવાહી : શિક્ષણ વિ.]

૨:૭ વિકલાંગ વ્યક્તિઓને પગભર થવા માટે જમીનની ફાળવણી તથા દુકાનોની ફાળવણી બાબતે વિગતવાર ચર્ચા થઈ. આ અંગે સંબંધિત વિભાગો તરફથી તેમના વિભાગના કાયદાઓ તથા વિકલાંગ ધારા એકટની જોગવાઈઓ ચકાસી જઈ વિકલાંગોને વધુમાં વધુ લાભ મળે તેવી કાર્યવાહી કરવા માન.મંત્રીશ્રીએ સૂચના આપેલ છે.

[કાર્યવાહી : મહેસુલ વિ., પંચાયત વિ., શહેરી વિકાસ વિ.]

૨:૮ દાહોદ જિલ્લામાં વિકલાંગ પુનઃવસન માટે જરૂરી જગ્યા ફાળવવા હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવેલ ન હોઈ, મહેસુલ વિભાગ તથા આ. અને પ.ક.વિ. સંબંધિતોને જરૂરી સૂચના આપે તેમજ કાર્યવાહી ઝડપી કરે તેમ જણાવવામાં આવતા અગ્ર સચિવશ્રી, આ. અને પ.ક.વિ.એ જણાવેલ કે જરૂરી જગ્યા ફાળવવાનો પ્રશ્ન છે છતાં જરૂરી સૂચના આપી જરૂરી જગ્યા ફાળવવામાં આવશે.

[કાર્યવાહી : આ. અને પ.ક.વિ.]

૨:૯ રાજ્યમાં ૯ જિલ્લા પુનઃવસન કેન્દ્રો (DDRC) કાર્યરત છે, જ્યારે દાહોદ ખાતે કેન્દ્ર ભારત સરકાર તરફથી મંજૂર કરવામાં આવેલ છે, પરંતુ હજુ સ્થળ ન મળવાને કારણે કાર્યરત થયેલ નથી. ભારત સરકારની યોજના મુજબ આવા કેન્દ્રોને ત્રણ વર્ષ માટે ભારત સરકાર તરફથી ગ્રાન્ટ આપવામાં આવે છે, પરંતુ આ ૯ કેન્દ્રોને ત્રણ વર્ષ કરતાં વધુ સમય થયેલ હોઈ, હવે ભારત સરકાર તરફથી ગ્રાન્ટ મળતી નથી. આ સંજોગોમાં આવા કેન્દ્રો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને તબદીલ કરવા જરૂરી છે. કારણ કે, આવા

કેન્દ્રોમાં કામ કરતું મહેકમ મેડીકલ ફીલ્ડ સાથે સંકળાયેલ છે અને અગાઉ તે વિભાગ તરફથી આવા કેન્દ્રો માટે નાણાકીય મદદ પણ કરવામાં આવેલ છે. ઉપરાંત કેન્દ્ર સરકાર તરફથી વિકલાંગોને મળતા લાભોને ધ્યાનમાં લઈને નવા કેન્દ્રો શરૂ કરવા રાજ્ય સરકાર તરફથી પણ નાણાકીય જોગવાઈ કરવી જોઈએ તેવું સૂચન માન.મંત્રીશ્રી તરફથી કરવામાં આવ્યું. તે અનુસંધાને વર્ષ ૨૦૧૧–૧૨ના અંદાજપત્રમાં આ અંગે નવી બાબત રજૂ કરવા નિર્ણય લેવામાં આવ્યો.

[કાર્યવાહી : આ. અને પ.ક.વિ. તથા નિયામકશ્રી (સ.સુ.)]

૨:૧૦ વિકલાંગોને સંબંધિત જરૂરી સાહિત્યનો યોગ્ય અને સરળ ભાષામાં અનુવાદ કરાવી ઉપલબ્ધ કરવા તેમજ વીમા સુરક્ષા પૂરી પાડવાની યોજના તેમજ વિકલાંગોને સંબંધિત સર્વે યોજનાઓનો બહોળો પ્રચાર/પ્રસાર કરવા બાબતે ચર્ચા કરવામાં આવતાં અગ્ર સચિવશ્રી, સા.ન્યા. અને અ.વિ. તરફથી જણાવવામાં આવેલ કે, આ બાબતે બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે, ડીસેબલ્ડ ફ્રેન્ડલી વેબસાઈટ તૈયાર કરવામાં આવેલ છે. અ.મુ.સચિવશ્રી, પંચાયત દ્વારા જણાવવામાં આવેલ કે, રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા આ અંગે સરળ ભાષામાં માહિતી દર્શાવતું માર્ગદર્શક પુસ્તકની એક લાખ નકલ છપાવી સંબંધિત સર્વેને પહોંચાડવામાં આવેલ છે, જે ઘણી ઉપયોગી છે અને સરકારની યોજનાઓનો પ્રચાર/પસાર પણ પૂરતા પ્રમાણમાં થાય છે અને વિકલાંગો તેનો લાભ પણ મેળવે છે.

[કાર્યવાહી : નિયામકશ્રી (સ.સુ.), કમિશ્નરશ્રી, માહિતી ખાતું.]

૨:૧૧ વિકલાંગોને સરકારી નોકરીઓમાં ૩ ટકા અનામતનો લાભ આપવા અંગેની કામગીરી હવેથી સા.ન્યા. અને અ.વિભાગની રોસ્ટર શાખાને સોંપવામાં આવેલ છે તે બાબતે ચર્ચા કરતાં વિભાગના અગ્ર

સચિવશ્રીએ જણાવેલ કે, રોસ્ટરની કામગીરી અને વિકલાંગો માટે ૩ ટકા અનામતની કામગીરી સરખા જ પ્રકારની હોઈ આ કામગીરી 'રોસ્ટર' શાખાને અસરકારક કામગીરીના હેતુસર સોંપવામાં આવેલ છે, પરંતુ હજુ પણ કેટલાક વિભાગો તરફથી માહિતી મળતી નથી.

માન.મંત્રીશ્રીએ આ બાબતે રોસ્ટર પોઈન્ટ મુજબ દરેક વિભાગોએ અમલ કરવો જોઈએ તેવી સૂચના આપેલ.

[કાર્યવાહી : ના.સ.શ્રી (રોસ્ટર), સર્વે વિભાગો]

૨:૧૨ વિકલાંગોને રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારની યોજના હેઠળ લાભ મેળવવા માટે મેડીકલ સર્ટીફિકેટ હોવું ખૂબ જ જરૂરી છે, પરંતુ રાજ્યમાં હજુ મોટી સંખ્યામાં વિકલાંગોને મેડીકલ સર્ટીફિકેટ પૂરાં પાડી શકાયા નથી. આ અંગેની ચર્ચા દરમ્યાન નકકી કરવામાં આવ્યું કે, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા ધ્વારા રાજયમાં મહત્તમ કેમ્પ યોજવા માટેનું કેલેન્ડર જાહેર કરવામાં આવે અને તેની પ્રસિધ્ધિ કરવી, જેથી વિકલાંગો આ કેમ્પનો લાભ લઈ શકે.

[કાર્યવાહી : નિયામકશ્રી (સ.સુ.), આ. અને પ.ક.વિ.]

૨:૧૩ 'સ્પીપા' અમદાવાદ ખાતે અધિકારીઓ માટે ખાસ તાલીમના આયોજન બાબતે ચર્ચાનો જવાબ આપતા ઉપસ્થિત અગ્ર સચિવશ્રી (વ.સુ.તા.પ્ર), સામાન્ય વહીવટ વિભાગે જણાવેલ કે, આવી ખાસ તાલીમ માટે 'સ્પીપા'ને તાલીમ કોર્સ અંગે કેપ્સ્યુલ/મોડયુલ પૂરા પાડવામાં આવશે તો 'સ્પીપા' ધ્વારા આવા કોર્સનું આયોજન કરવું સરળ થઈ પડશે.

[કાર્યવાહી : નિયામકશ્રી (સ.સુ.), વ.સુ.તા.પ્ર./સા.વ.વિ.]

૨:૧૪ રીલીફ કામગીરીની મુખ્ય મંત્રીશ્રી રાહત ફંડની જેમ વિકલાંગ રાહત ફંડના આયોજન બાબતે ચર્ચા કરતાં સા.ન્યા. અને અ.વિ. દ્વારા આ બાબતે વિચારણા કરવામાં આવશે તેમ જણાવવામાં આવેલ.

[કાર્યવાહી : સા.ન્યા. અને અ.વિ.]

૨:૧૫ બેઠક દરમ્યાન બીન–સરકારી સભ્યશ્રીઓ તરફથી નીચે મુજબના સૂચન થયેલ છે :–

<u>ડો. માનસેતાના સુચનો</u> :–

- વિકલાંગો માટે મોબાઈલ વાન તથા ઓડીયો યુનીટનું આયોજન કરવું.
- બાળકના જન્મ સમયે જ નવજાત બાળકનું એસેસમેન્ટ કરવું જોઈએ, જેથી તેને યોગ્ય સારવાર આપી શકાય અને તેની વિકલાંગતા નિવારી શકાય.
- B.Sc.ના અભ્યાસક્રમમાં ઓડીયોલોજીનો કોર્સ શરૂ કરવો જરૂરી છે.
- સગર્ભા મહિલાઓની કાળજી લેવામાં આવે તો બાળકોની વિકલાંગતા જન્મ પહેલાં જ નિવારી શકાય. તેમજ નવા જન્મેલા બાળકોમાં વિકલાંગતા અટકાવવા માટે અન્ય રસીની જેમ બહેરાપણું, મૂંગાપણું નિવારવા માટે રસી મૂકવાનું આયોજન કરવું જોઈએ.

<u>શ્રી કનુભાઈ ટેલરના સુચનો</u> :–

- રાજ્યમાં આવેલી શાળા, કોલેજોમાં વિકલાંગો માટે રેમ્પ બનાવવામાં આવેલ નથી. તેમજ અલગ ટોયલેટની સુવિધા કરવામાં આવેલ નથી. જેને કારણે વિકલાંગોને ઘણી મુશ્કેલી પડે

છે, તેથી શૈક્ષણિક સંસ્થાઓમાં આવી સુવિધાઓ અગ્રતાના ધોરણે ઉભી કરવી જોઈએ.

૩. બેઠકમાં માન.મંત્રીશ્રી તરફથી ભારપૂર્વક જણાવવામાં આવ્યું કે, વિકલાંગો પ્રત્યે સહાનુભૂતિ સાથે અને નિષ્ઠાથી યોજનાઓનો અમલ કરવો બહુજ જરૂરી છે અને જો તેમ કરવામાં આવશે તો જ વિકલાંગ વ્યક્તિઓને યોગ્ય ન્યાય આપી શકાશે.

૪. બેઠકમાં હાજર રહેલા અધિકારીશ્રીઓએ દરેક મુદ્દા પર પોતાના અભિપ્રાય રજૂ કર્યા અને બધાના આભાર સાથે બેઠક પૂર્ણ કરવામાં આવી.

(અરવિંદ લકુક)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ